# આજથી ધો-૧ થી ૫માં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય

## કોરોના સંક્રમણમાં થઈ સતત રહેલા ઘટાડાને ધ્યાને લેતાં શિક્ષણકાર્ય માટે વર્તમાન માહોલ અનુકુળ : શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી



**જે વાલીઓની સંમતિ હશે એ જ બાળકોને શાળામાં શિક્ષણ અપાશે : બાલમંદિર અને આંગણવાડીના ભૂલકાઓના શિક્ષણ માટે ટૂંક સમયમા યોગ્ય નિર્ણય કરાશે : કોરોનાના કપરા કાળમાં છેલ્લા બે વર્ષથી બંધ રહેલી પ્રાથમિક શાળાઓ પુનઃ ધબકતી થઈ જશે**

ગાંધીનગર, તા.૨૧

રાજ્ય સરકારે આજે પ્રાથમિક શાળાઓના ભૂલકાઓના શિક્ષણ માટે મહત્વનો નિર્ણય લેતાં આવતીકાલ તા.૨૨ નવે.થી રાજ્યભરમાં સરકારી અને ખાનગી પ્રાથમિક શાળાના ધો. ૧ થી ૫ના પ્રત્યક્ષ શિક્ષણકાર્ય-ઓફલાઈન વર્ગો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. આ અંગે આજે સુરતના સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં શિક્ષણમંત્રી અને રાજ્ય સરકારના પ્રવક્તા શ્રી જીતુભાઈ વાઘાણીએ જાહેરાત કરતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકારની અસરકારક કામગીરીને પરિણામે વૈશ્વિક મહામારી કોરોનાના સંક્રમણમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, ત્યારે રાજ્યના વિદ્યાર્થીઓનુ શિક્ષણ બગડે નહી એ માટે રાજ્ય સરકારે વિદ્યાર્થીઓના હિતમા આવતીકાલ તા.૨૨મી નવે.થી શાળાઓમાં ધો.૧ થી ૫ ના વર્ગો શરૂ કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. બાલમંદિર અને આંગણવાડીના ભૂલકાઓને શિક્ષણ માટે આગામી સમયમા યોગ્ય નિર્ણય કરાશે.

શિક્ષણવિદો, વિદ્યાર્થીઓની માંગણી અને લાગણી તેમજ હાલના કોરોના સંક્રમણમાં થઈ રહેલા ઘટાડાને જોતાં શિક્ષણકાર્ય માટે વર્તમાન માહોલ અનુકુળ હોવાનું જણાય છે. બાળકોનું શિક્ષણ બગડે નહીં, અને ફરી એક વાર શિક્ષણયાત્રાનો નવેસરથી પ્રારંભ થાય એ માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળ રાજ્ય સરકારના પરામર્શમાં રહી ભૂલકાઓના શિક્ષણકાર્યને પુનઃ વેગ આપવાનો નિર્ણય કરવાંમાં આવ્યો હોવાનું તેમણે કહ્યું હતું.

રાજ્યમાં કોરોના કેસોમાં સતત ઘટાડો થતા દિવાળી બાદના આવતીકાલ તા.૨૧મીથી શરૂ થતાં નવા સત્રથી ધો. ૧ થી ૫ ના વર્ગો શરૂ કરાશે. ભૂલકાઓના ભણતરની આ પહેલમાં શિક્ષણ વિભાગની સીધી નિગરાની રહેશે. નાનકડા બાળકોની કુમળી વયને નજર સમક્ષ રાખીને તમામ તકેદારીના પગલાંઓ સાથે શિક્ષણ કાર્યનો પ્રારંભ કરવામાં આવશે. બાળકની હાજરી મરજિયાત રહેશે, જે વાલીઓની સંમતિ હશે એમના બાળકોને જ શાળામાં શિક્ષણ અપાશે. રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓએ નિયત એસઓપીનું ચુસ્ત પાલન કરવાનું રહેશે અને સરકારી શાળાઓમા આચાર્યશ્રીઓએ તથા ખાનગી શાળાઓમાં શાળા સંચાલકોએ સેનેટાઈઝેશન સાથેની જરૂરી વ્યવસ્થા ગોઠવવા સાથે વિશેષ તકેદારી રાખવાની રહેશે એમ મંત્રીશ્રી ઉમેર્યુ હતું.

મંત્રીશ્રીએ હ્લઈઞ ના નિયમોનું પાલન ન કરતી શાળાઓ સામે પણ કડક કાર્યવાહી કરાશે એમ પણ જણાવ્યુ હતું.

પ્રેસ કોન્ફરન્સમાં શહેરી વિકાસ રાજ્યમંત્રીશ્રી વિનોદભાઈ મોરડીયા, મેયર શ્રીમતી હેમાલી બોઘાવાલા, પૂર્વમંત્રી અને ધારાસભ્યશ્રી કિશોરભાઈ કાનાણી, ધારાસભ્ય સર્વશ્રી કાન્તિ બલર, સંગીતાબેન પાટીલ, ઝંખનાબેન પટેલ સહિત પ્રિન્ટ-ઈલેક્ટ્રોનિક મીડિયાકર્મીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## જિલ્લાના ૧૦૬ ગામોને સ્વચ્છ ગામ સ્વસ્થ ગ્રામની એક કરોડ ૭૧ લાખની પ્રોત્સાહક ગ્રાન્ટ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના ૧૦૬ ગામને સ્વચ્છ ગામ સ્વસ્થ ગ્રામ અંતર્ગત રૂ. એક કરોડ ૭૧ લાખથી વધુની પ્રોત્સાહક ગ્રાન્ટ ચુકવવામાં આવશે.

ગાંધીનગર જિલ્લાની ભૌગોલિક સ્થિતિમાં થયેલા ફેરફારને કારણે પ્રોત્સાહક અનુદાનમાં ઘટાડો જરૂર નોંધાયો છે.

જિલ્લાના ૨૮૬ ગામોમાંથી ૧૦૬ ગામોએ સફાઈવેરાની વસુલાત ૫૦ ટકા કરતાં વધુ કરી હોવાથી સરકાર દ્વારા આ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. આ પ્રોત્સાહક ગ્રાન્ટ મળતાં હવે ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન વેગીલુ બનશે તેમ તંત્રના સૂત્રોનું કહેવુ છે.

જિલ્લાના દહેગામ તાલુકાના ૨૭ ગામ, ગાંધીનગરના ૨૪, કલોલના ૨૬ અને માણસાના ૨૯ ગામોને ગ્રાન્ટ ફાળવી આપવાની કવાયત તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. રાજ્ય સરકારે ગત સપ્તાહે જ આ પ્રોત્સાહક ગ્રાન્ટની ફાળવણીના હુકમો કર્યા હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન જિલ્લાના ૯૧ ગામો એવા છે જ્યાં હવે સ્વચ્છતા અભિયાન અંતર્ગત ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શનની કામગીરી કરવામાં આવી રહી છે. આ પ્રોત્સાહક ગ્રાન્ટ ૧૯-૨૦માં થયેલ વસુલાતને ધ્યાને રાખી ચુકવવામાં આવે છે.

૧૮-૧૯ની વસુલાતને આધારે જિલ્લાને રૂ. ૩ કરોડથી વધુની ગ્રાન્ટ મળી હતી પરંતુ ભૌગોલિક ફેરફારોની અસર ૧૯-૨૦ની વસુલાતને આધારે જે ગ્રાન્ટ ચુકવવામાં આવી છે તેમાં જોવા મળી છે.

## આજથી શહેરની શાળાઓમાં ફરી બાળકોનો કિલ્લોલ ગૂંજી ઉઠશે

**સરકારે ધોરણ-૧ થી ૫ ના બાળકોને પણ મરજિયાત રીતે ઓફલાઈન શિક્ષણની છૂટ આપતાં ફરી સંપૂર્ણ શિક્ષણકાર્ય ધમધમશે : દિવાળીના ૨૧ દિવસના વેકેશન પછી શાળાઓ રાબેતામુજબ શરૂ થશે : શાળામાં કોરોના ગાઈડલાઈનનું ચુસ્ત પાલન કરવાનું રહેશે**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં દિવાળીની રજાઓ બાદ સોમવારથી ફરી એકવાર શાળા સંકુલો બાળકોના કિલ્લોલથી ગૂંજી ઉઠશે. શહેરમાં ૨૧ દિવસનું દિવાળી વેકેશન પુરૂ થઈ ગયુ છે અને તા. ૨૨મી નવેમ્બરથી ફરી એકવાર શાળાઓ શરૂ થઈ રહી છે. આ વખતે સરકારે ધોરણ ૧ થી ૫ ના બાળકોને પણ વાલીઓની મંજૂરી સાથે મરજિયાત રીતે શાળાઓ શરૂ કરવાની મંજૂરી આપતાં હવે ધોરણ- થી ૧૨ સુધીનું સંપૂર્ણ શિક્ષણકાર્ય શરૂ થશે.

રાજ્યભરમાં કોરોના સંક્રમણમાં સતત ઘટાડો થઈ રહ્યો હોવાના દાવા સાથે શિક્ષણમંત્રી જીતુ વાઘાણી દ્વારા ધોરણ-૧ થી ૫ ના બાળકો માટે પણ ઓફલાઈન શિક્ષણ શરૂ કરવાની છૂટ આપી છે. જો કે આ માટે બાળકોને ફરજ નહીં પાડી શકાય પરંતુ વાલીઓની મંજૂરી સાથે મરજિયાત ધોરણે બાળક શાળાએ આવી શકશે અથવા ઓનલાઈન શિક્ષણનો વિકલ્પ ચાલુ રાખી શકશે. આ સાથે શાળાઓમાં કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

સરકારના આ નિર્ણય સાથે જ કોરોના મહામારીમાં લાંબો અંતરાય બાદ ફરી એકવાર શહેરમાં ધો. ૧ થી ૧૨ સુધીનું સંપૂર્ણ શિક્ષણકાર્ય શરૂ થવા જઈ રહ્યુ છે. દિવાળી વેકેશન બાદ તા. ૨૨મી નવેમ્બરથી શરૂ થઈ રહેલા નવા સત્રમાં શાળા સંકુલો ફરી એકવાર બાળકોના કિલકિલાટ સાથે જીવંત બની જશે જેના પગલે સ્કૂલો શરૂ થવાના અને છુટવાના સમયે શહેરના માર્ગો પર ટ્રાફિકમાં પણ વધારો થવા પામશે.

કોરોનાના કપરા સમય બાદ પ્રથમ વખત ધો.૧ થી ૧૨ના વર્ગોનું પ્રત્યક્ષ શિક્ષણ બે વર્ષના ગાળા બાદ શરૂ થઈ રહ્યું છે ત્યારે ઘણા બધા પ્રશ્નો શિક્ષણ તંત્ર અને સમાજને સતાવે છે. કેટલાં માતા-પિતા પોતાના સંતાનોને શાળાએ જવા માટે લેખિત સંમતિ આપશે એ આજે પણ ચર્ચામાં છે. શાળાઓમાં પણ બાળકોની સાથે માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સીંગની કોરોના આચારસંહિતા પળાવવી સંચાલકો માટે પણ કપરી બની રહેશે.

## હાશકારો : રવિવારે શહેરમાં એક પણ કોરોના કેસ નથી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં સતત ત્રણ દિવસથી દરરોજ એક એક કોરોના કેસ આવતો હોવાથી સર્જાયેલા ચિંતાના માહોલમાં આજે રાહત મળવા પામી છે. કેમકે આજે શહેરમાં કે જિલ્લામાં એક પણ નવો કોરોના પોઝિટીવ કેસ મળ્યો નથી. ગાંધીનગરમાં હાલ કોરોનાને કારણે હોસ્પિટલમાં દાખલ દર્દીની સંખ્યા શૂન્ય છે.

કોરોના મહામારીની ત્રીજી લહેરની શક્યતાઓ વચ્ચે શહેરમાં શરૂ થયેલા પોઝીટીવ કેસોથી ચિંતાની સ્થિતિ સર્જાવા પામી હતી. છેલ્લાં ત્રણ દિવસ દરરોજ એક કેસ કોરોના પોઝીટીવ દર્દીનો નોંધાવા પામ્યો હતો જેથી આરોગ્યતંત્ર સહિત સમગ્ર વહીવટીતંત્ર પણ એલર્ટ મોડમાં આવી ગયું હતું. જો કે આજે ગાંધીનગર શહેર કે જિલ્લામાં એક પણ કોરોના પોઝીટીવ કેસ ના નોંધાતા થોડી રાહત જણાવા પામી છે. જો કે હજુ સુધી આ મહામારીનું જોખમ ટળ્યું નથી. બીજી તરફ ગાંધીનગરમાં ચાલી રહેલા રસીકરણ અભિયાન હેઠળ કુલ ૫૩ સેન્ટરો પરથી આજે સાંજે પાંચ વાગ્યા સુધીમાં કુલ ૪૭૯ લાભાર્થીઓએ કોરોના પ્રતિરોધક વેક્સિન લીધી હતી. આ સાથે અત્યાર સુધી ગાંધીનગરમાં રસીરકરણ અંતર્ગત કુલ ૮,૨૦,૯૪૪ નાગરિકોને વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૫,૭૮,૧૯૫ નાગરિકોને વેક્સિનના બન્ને ડોઝ આપી દેવામાં આવ્યાં છે.

અગાઉ સરગાસણ, સેક્ટર-૨૩ અને સેક્ટર-૮માં કોરોનાનો એક-એક કેસ મળી આવતા શહેરમાં ચિંતાનું મોજુ પ્રસર્યુ હતું. જ્યારે રવિવારે કેસ ન વધતા રાહતની લાગણી અનુભવાય છે. હાલ ૩ એક્ટીવ કેસ હોમ ક્વૉરોન્ટાઈન છે.

## શહેરમાં લગ્નની મોસમ પૂરબહાર ખીલી ઉઠી

**શહેરની આસપાસના તમામ પાર્ટીપ્લોટ અને લગ્નવાડીઓમાં લગ્નના મંડપ બંધાયા : લગ્નની સિઝનના કારણે શહેરમાં ઠેર ઠેર ટ્રાફિક**

ગાંધીનગર, તા. ૨૧

કોરોનાનો કહેર ઓછો થતાં લગ્નની સિઝન પૂરબહારમાં ખીલી ઉઠી છે. શહેરમાં ઠેર ઠેર લગ્નના મંડપ બંધાયા છે. લગ્નમાં જવા માટે મુખ્ય માર્ગો પરથી પસાર થતી ગાડીઓના કારણે શહેરમાં ઠેર ઠેર ટ્રાફિકજામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. કોરોના કાળમાં લગ્નો અટકી પડ્યા હતા. ડેકોરેટર્સ અને કેટરર્સનો ધંધો તો જાણે પડી ભાંગ્યો હતો. છેલ્લા કેટલાક સમયથી કોરોનાનો કહેર ઓછો થતા જનજીવન યથાવત સ્થિતિમાં આવી રહ્યુ છે. અટકી પડેલા લગ્નો હવે ધામધૂમથી યોજાઈ રહ્યા છે. લગ્નોની સીઝન નવેમ્બર માસમાં જાણે પુરબહારમાં ખીલી છે. ગાંધીનગર અને અમદાવાદમાં સંખ્યાબંધ લગ્નો યોજાઈ રહ્યા છે. ગાંધીનગર શહેરની આસપાસના તમામ પાર્ટીપ્લોટ્સ અને



લગ્નવાડીઓમાં લગ્ન મંડપો બંધાયેલા જોવા મળી રહ્યા છે. ડીજે અને સંગીતના સુરતાલ અહીં સંભળાઈ રહ્યા છે. લગ્નની સિઝનના કારણે શહેરના માર્ગો પર ટ્રાફિક જોવા મળી રહ્યો છે. લગ્નોમાં ભાગ લેવા પહોંચનાર વાહનોની કતારો ઠેર ઠેર જોવા મળી રહી છે. ખાસ કરીને ગાંધીનગર-અમદાવાદને જોડતા તમામ માર્ગો પર વાહનોની અવરજવર જોવા મળી રહી છે. ઘણા સમય બાદ ધામધૂમથી લગ્નો યોજાઈ રહ્યો હોવાથી લોકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ઘણા સમયથી મંદીનો સામનો કરી રહેલા કેટરર્સ અને ડેકોરેટર્સ પણ હમણા વ્યસ્ત જોવા મળી રહ્યા છે. લગ્નની આ નવી સિઝન તેમના માટે ઉત્સાહજનક છે. લગ્નસરાની ખરીદી ખૂબ થઈ રહી છે. દુકાનદારો પણ તેનાથી ખુશ જોવા મળી રહ્યા છે. હજુ ડિસેમ્બર માસમાં પણ ખૂબ લગ્નો હોવાથી સૌ કોઈ લગ્નોમાં મહાલવા આતુર બન્યા છે.

## વૃક્ષો જ ગાંધીનગરનો ઐતિહાસિક વારસો, વૃક્ષોનું નિકંદન અટકાવો

**શહેરમાં સોશિયલ મિડીયા પર ફરી એકવાર વૃક્ષછેદન બાબતે પર્યાવરણ પ્રેમીઓનો રોષ : શહેરના ૫૦ વર્ષથી જુના વૃક્ષોનો હેરિટેજનો દરજ્જો આપવા સૂચન**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં છેલ્લાં કેટલાંક દિવસથી વૃક્ષછેદનની પ્રવૃત્તિએ વેગ પકડતાં ફરી એકવાર શહેરના પ્રકૃતિ પ્રેમીઓમાં



નારાજગીનો સૂર પ્રવર્તી રહ્યો છે. અગાઉ શહેરમાં વિકસાવાઈ રહેલા અન્ડરપાસ તેમજ આતંરિક માર્ગોને પહોળાં કરવાના કાર્યો અંતર્ગત વૃક્ષોને કાપવા સામે પ્રકૃતિ પ્રેમીઓનો રોષ ફાટી નીકળ્યો હતો અને હવે મેટ્રો રેલ પ્રોજેક્ટના કારણે કપાઈ ગયેલાં અને કપાવા જઈ રહેલાં અસંખ્ય વર્ષો જુના ઘટાદાર વૃક્ષોની કટૌતીથી પર્યાવરણ પ્રેમીઓનો જીવ કકળી રહ્યો છે. આ બાબતે શહેરમાં સોશ્યિલ મિડીયા પર અનેક પ્રકારની ચર્ચાઓ છેડાઈ રહી છે અને શહેરના વૃક્ષપ્રેમીઓ પોતાનો રોષ વિવિધ પ્રકારે ઠાલવી રહ્યાં છે.

શહેરમાં ચાલી રહેલા વૃક્ષછેદન સામે સોશ્યિલ મિડીયામાં રોષ ઉપરાંત અનેક પ્રકારના સૂચનો પણ જોવા મળી રહ્યાં છે. શહેરમાં નાગરિકલક્ષી વિવિધ જાગૃતિ અને પર્યાવરણ જતન

● અનુસંધાન પાન-૭ પર

## ૨૮ પશુ સારવાર કેમ્પમાં ૪૬૫૮ પશુઓની સારવાર કરાઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં આત્મનિર્ભર ગ્રામયાત્રા સાથે યોજાયેલ પશુ સારવાર નિદાન કેમ્પોમાં ૪૬૫૮ પશુઓને વિવિધ રોગોની સારવાર આપવામાં આવી છે.

આત્મનિર્ભર ગ્રામ યાત્રા સાથે સાથે જિલ્લામાં ૨૮ બેઠકો પર ખાસ પશુ સારવાર કેમ્પોનું આયોજન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ગઈકાલે સંપન્ન થયેલ યાત્રાની સાથે સાથે પશુ સારવાર કેમ્પો પણ પૂર્ણ થયા છે.

જિલ્લાના ૧૨૦૦ થી વધુ પશુપાલકોના પશુઓને શસ્ત્રક્રિયા સહિતની સારવાર આપવામાં આવી છે. કૃત્રિમ બીજદાન પણ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં પશુ પાલનની પ્રવૃત્તિમાં ધીમી ગતિએ વેગ આવી રહ્યો છે. પશુ સંવર્ગની વસ્તીમાં પણ વધારો જોવા મળ્યો છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

## પંચાયત દ્વારા ૨૮૯ વિકાસ કામો માટે રૂ. ૪૭૬ લાખની ફાળવણી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા જિલ્લામાં ૪૭૬ લાખના વિકાસ કામોને પ્રાથમિક મંજૂરી આપી દેવામાં આવી છે.

જિલ્લા પંચાયતમાં સભ્યો દ્વારા સૂચવવામાં આવેલ વિકાસ કામોની મંજૂરીનો મુદ્દો કેટલીક ટેકનીકલ ક્ષતિઓને લઈ અટવાયેલો હતો. હવે આ કામોને પ્રાથમિક મંજૂરી આપી દેવામાં આવી છે.

સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે હવે ઝડપથી આ અંગેના નકશા-અંદાજો તૈયાર થયેથી વહીવટીય અને તાંત્રિક મંજૂરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ વિકાસકામો માટે જે તે તાલુકા વિકાસ અધિકારીશ્રી અમલીકરણ અધિકારી રહેશે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં ૭૧, દહેગામમાં ૭૭, કલોલમાં ૫૫ અને માણસા તાલુકામાં ૯૦ વિકાસ કામો મળી કુલ ૨૮૯ કામોને પ્રાથમિક મંજૂરી આપવામાં આવી છે.

જિલ્લામાં હવે વિકાસ કામોને આ મંજૂરી મળતાં નવો વેગ મળશે તેમ મનાઈ રહ્યુ છે. જો કે વહીવટીય અને તાંત્રિક મંજૂરી આપતા પૂર્વે તે કામો બેવડાતા નથી તેમજ ફાળવવામાં ગ્રાન્ટની મર્યાદામાં જ કામ કરવાના સ્પષ્ટ આદેશ અપાયા છે. આ અંગેની વહીવટીય અને તાંત્રિક મંજૂરીની કામગીરી ૧૦ દિવસમાં પૂર્ણ કરવા પણ જણાવવામાં આવ્યુ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com